રાજ્યની નગરપાલિકાઓ/
મહાનગરપાલિકાઓને સંબંધિત
ગુજરાત નાણાપંચના ત્રીજા (આખરી)
અહેવાલના અમલ અંગે.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક : જીએફસી/૧૧૨૦૦૦/૨૨૮૭/આર.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૭/૨૦૦૦

**આમુખ :-**

બંધારણના અનુચ્છેદ ૨૪૩ (આઇ) અને ૨૪૩ (વાય) ની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તા.૧૫/૯/૯૪ ના જાહેરનામાથી રાજ્ય નાણાં પંચની રચના કરેલ હતી. નાણા પંચે તેના ત્રીજા (આખરી અહેવાલમાં) રાજ્યની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓ અંગે વિવિધ ભલામણો કરી છે જેની ભલામણ ક્રમાંકઃ૨.૭.૧ તથા ૨.૭.૪ ના સંદર્ભમાં રાજ્ય સરકારે પુખ્ત વિચારણા કરી છે તથા ભલામણોનો સ્વીકાર કર્યો છે. જેના સંદર્ભમાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ :-**

બીન ખેતીની જમીન મહેસુલ વસુલાત અંગેનું અનુદાનનું પ્રમાણ નાનું હોવાથી તેની આવક લગભગ નગણ્ય જેવી છે તેથી તેનો હિસ્સો વધારવો જોઇએ અને તેથી પંચે ભલામણ કરેલ હતી કે જમીન મહેસુલની વસુલાતના હાલમાં જે ૭૫ ટકા આપવામાં આવે છે તેને બદલે વધારીને ૮૫ ટકા જેટલો હિસ્સો શહેરી સ્થાનિક સંસ્થાને આપવો જોઇએ. આ બાબતે પુખ્ત વિચારણા કરી રાજ્ય સરકારે નકકી કરેલ છે કે બીન ખેતીની જમીન પરના આકારની ૧૦૦ ટકા રકમ શહેરી સ્થાનિક સંસ્થાને આપવી મહેસુલ દફતર જિલ્લા કલેકટર હસ્તક રહેતું હોવાથી આકારણી અને વસુલાત જિલ્લા કલેકટર પાસે રહે છે તે સંદર્ભમાં તેઓ શહેરી સ્થાનિક સંસ્થા સાથે સંકલન રાખે તે જરુરી છે. ઉપર્યુકત રકમ શહેરી સ્થાનિક સંસ્થાને ચૂકવવા માટે નગરપાલિકા નિયામકશ્રીની કે રાજ્ય સરકારની મંજુરીની જરુર રહેશે નહી. કલેકટરશ્રીએ આ રકમ તે પછીના મહેસુલના વર્ષમાં શહેરી સ્થાનિક સંસ્થાને એક જ હપ્તે ચૂકવી આપવાની રહેશે. આ સરકારી ઠરાવના હેતુ સારુ નગરપાલિકાઓની હદ તે નગરની મહેસૂલી હદ જેટલી ગણાશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મહેસુલ વિભાગની તા.૧૯/૬/૨૦૦૦ ની તથા નાણાં વિભાગની તા.૨૫/૬/૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.ગોહિલ)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- ગુજરાતના રાજયપાલશ્રીના સચિવશ્રી,
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતા, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- બધા જ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સચિવશ્રી, મહેસુલ/નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ હસ્તકના ખાતાના વડાઓ.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, રાજકોટ.
- મુખ્ય અધિકારીશ્રીઓ, સર્વે નગરપાલિકાઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, તમામ મહાનગરપાલિકાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ઓડિટ-૧, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, (એકા.એન્ડ એન્ટા) અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ, મુ.જિ.આણંદ,
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ-૯.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- શાખા પસંદગી/મદદનીશ પસંદગી ફાઇલ.